# સરદાર પટેલ યુનિવર્સિટી

## ભૌતિકશાસ્ત્રની અભ્યાસ સમિતિની સભા

## કાર્યનોંધ

ભૌતિકશાસ્ત્રની અભ્યાસ સમિતિની સભા **તારીખઃ૮/૩/૨૦૨૧ ના રોજ બપોર પછી ૩.૦૦ કલાકે** યુનિવર્સિટી કાર્યાલયના જુના સિન્ડિકેટ ખંડ(ગ્રાઉન્ડ ફલોર)માં મળી હતી.

સભામાં નીચેના સભ્યશ્રીઓ હાજર રહ્યા હતાઃ

| | | | |
|---|---|---|---|
| (૧) | પ્રિ. વિમલ જોષી (અધ્યક્ષ) | (૫) | ડૉ. બી. વાય. ઠાકોર |
| (૨) | ડૉ. આર. જી. પટેલ | (૬) | ડૉ. વી. એમ. પાઠક |
| (૩) | ડૉ. બબિતા સૈયદ | (૭) | શ્રી કે. આર. ત્રિવેદી |
| (૪) | ડૉ. પી. એમ. પટેલ | (૮) | ડૉ. પી. સી. વિનોદકુમાર |

સભાની શરૂઆતમાં અધ્યક્ષશ્રીએ સર્વે સભ્યશ્રીઓને આવકાર્યા હતા. ત્યારબાદ સભાનું કામકાજ શરૂ કરવામાં આવ્યું હતું.

૧. તારીખઃ૩૦/૭/૨૦૧૯ના રોજ મળેલ ભૌતિકશાસ્ત્રની અભ્યાસ સમિતિની સભાની કાર્યનોંધને બહાલી આપવા બાબત.

> આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ૩૦/૭/૨૦૧૯ના રોજ મળેલ ભૌતિકશાસ્ત્રની અભ્યાસ સમિતિની સભાની કાર્યનોંધને બહાલી આપવામાં આવી.

૨. ભૌતિકશાસ્ત્રની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા તમામ વિષયો માટે ચોઇસ બેઇઝ્ડ ક્રેડિટ સિસ્ટમ અનુસાર સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમના તમામ સેમેસ્ટરની શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં લેવાનારી યુનિવર્સિટીની પરીક્ષાઓ માટે પરીક્ષકોની યાદી તૈયાર કરવા બાબત.

> આથી ઠરાવવામાં આવે છે કે ભૌતિકશાસ્ત્રની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા તમામ વિષયો માટે ચોઇસ બેઇઝ્ડ ક્રેડિટ સિસ્ટમ અનુસાર સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમના તમામ સેમેસ્ટરની શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં લેવાનારી યુનિવર્સિટીની પરીક્ષાઓ માટે પરીક્ષકોની યાદી તૈયાર કરી ચેરમેનશ્રીની સહી સાથે પરબારા યુનિવર્સિટી કાર્યાલયના પરીક્ષા વિભાગમાં સુપ્રત કરવી.

૩. ભૌતિકશાસ્ત્ર અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના તમામ સેમેસ્ટરના અભ્યાસક્રમોમાં સુધારો કરવા તેમજ તેનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ થી કરવા માટે નિમેલ સિલેબસ રીવીઝન કમિટીએ તૈયાર કરેલ બિડાણમાં દર્શાવ્યા મુજબના સ્નાતક અને અનુસ્નાતકના પ્રથમ અને બીજા સેમેસ્ટરના સુધારા સહિતના અભ્યાસક્રમો મંજૂર કરવા ચર્ચા વિચારણા કરવા બાબત. **(બિડાણ-૧)**

ચાલુ...

આથી ઠરાવવામાં આવે છે કે ભૌતિકશાસ્ત્ર અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના તમામ સેમેસ્ટરના અભ્યાસક્રમોમાં સુધારો કરવા તેમજ તેનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ થી કરવા માટે નિમેલ સિલેબસ રીવીઝન કમિટીએ તૈયાર કરેલ બિડાણમાં દર્શાવ્યા મુજબના સ્નાતક અને અનુસ્નાતકના પ્રથમ અને બીજા સેમેસ્ટરના સુધારા સહિતના અભ્યાસક્રમો મંજૂર કરવા. તેમજ તેનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ થી ક્રમશઃ કરવો.

૪. અભ્યાસ સમિતિ પર એક તજજ્ઞ(કો.ઓપ્ટ મેમ્બર)ની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે અભ્યાસ સમિતિ પર નીચેના સભ્યની તજજ્ઞ(કો.ઓપ્ટ મેમ્બર) તરીકે નિમણૂક કરવી.

<u>તજજ્ઞ(કો.ઓપ્ટેડ મેમ્બર):</u>

ડૉ. પી. એન. ગજ્જર, અધ્યક્ષ, ભૌતિકશાસ્ત્ર વિભાગ<br>
સ્કૂલ ઓફ સાયન્સીસ, ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા<br>
અમદાવાદ-૩૮૦૦૦૯.<br>
મો.નં. ૯૪૨૭૦૨૮૨૪૮

<u>અધ્યક્ષશ્રીની મંજૂરીથી નીચેની બાબત હાથ ધરવામાં આવી:</u>

૫. ભૌતિક વિજ્ઞાન વિષયમાં પીએચ.ડી. પદવી માટે વિદ્યાર્થીઓએ રજૂ કરેલ મહાનિબંધોનું મૂલ્યાંકન કરવા માટે પરીક્ષકની યાદી તૈયાર કરતી વખતે શક્ય હોય ત્યાં સુધી પ્રોફેસર/પ્રિન્સિપાલ અથવા પ્રોફેસર કક્ષાના સભ્યનો સદર યાદીમાં સમાવેશ કરવો. પરંતુ જો જે તે ફીલ્ડના પ્રોફેસર અથવા પ્રોફેસર કક્ષાના સભ્ય ન મળતા હોય તો એસોસિએટ કે આસિસ્ટન્ટ પ્રોફેસરનો સમાવેશ ચેરમેનશ્રીની મંજૂરીથી કરી શકાશે.

નંબર: ડી/એ-૨૪/ 1190 મદદનીશ કુલસચિવ<br>
વલ્લભ વિધાનગર<br>
તારીખ: 25/૩/૨૦૨૧

પ્રતિ:<br>
ભૌતિકશાસ્ત્રની અભ્યાસ સમિતિના સર્વે સભ્યશ્રીઓ તરફ.<br>
પરીક્ષા વિભાગ તરફ જાણ તથા ઘટતી કાર્યવાહિ કરવા સારૂ.<br>
નિયામકશ્રી, કોમ્પ્યુટર સેન્ટર તરફ યુનિવર્સિટીની વેબસાઇટ (નોટિસ અને સરક્યુલર) પર મૂકવા સારૂ.